# આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ, દેવગઢ બારીઆ દ્વારા
# શિયાળું પાકોની પ્રાકૃતિક ખેતી પદ્ધતિ વિષય ઉપર તાલીમ વર્ગ યોજાયો

---

આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ, દેવગઢ બારીઆ દ્વારા આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત **શિયાળું પાકોની પ્રાકૃતિક ખેતી પદ્ધતિ** વિષય ઉપર તા. ૧૧-૦૧-૨૦૨૪ના રોજ તાલીમ વર્ગ યોજાયો. આ તાલીમવર્ગ ની શરૂઆત આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રેરણા ગીત થકી કરવામાં આવી.

આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ કેન્દ્રના વડા **ડૉ. વાય. બી. ચૌહાણ** દ્વારા કેન્દ્રની સંશોધન અને વિસ્તરણની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ શિયાળું પાકોમાં પ્રાકૃતિક ખેતી અંતર્ગત રોગ-જીવાત નિયંત્રણ ખેડૂતોને માહિતગાર કર્યા. **ડૉ. સી. જે. પટેલ** દ્વારા શિયાળું પાકોની પ્રાકૃતિક ખેતી પદ્ધતિ, **શ્રી. સંદીપ રાઠોડ** દ્વારા શિયાળું પાકોમાં પ્રાકૃતિક ખેતી અંતર્ગત નીંદણ વ્યવસ્થાપન, **ડૉ. એ. વાય. માકાણી** દ્વારા શિયાળું પાકોની નવીન જાતોની સમજણ **ડૉ. એચ. કે. દેસાઈ** દ્વારા પ્રાકૃતિક ખાતર બનાવવાંની પદ્ધતિ અને તેના ફાયદા જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ. વધુમાં ખેડૂત મહિલાઓ દ્વારા પ્રાકૃતિક કૃષિના નિદર્શન યુનિટની મુલાકાત દરમ્યાન પ્રાયોગિક રૂપે જીવામૃત અને બીજામૃત વિશે વિસ્તારમાં માર્ગદર્શન આપવામાં આવ્યું. આ તાલીમ વર્ગમાં **બારા** ગામ તાલુકો **લીમખેડા**ની **કુલ 30** ખેડૂત મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો. સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ.












આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
વનબંધુ કલ્યાણ યોજના, ગુજરાત સરકાર
આણંદ કૃષિ યુનિવર્સિટી